21st April, 2020/6224

Durgesh V. Buch
President
Natubhai Patel
Sr. Vice President
Bhargav Thakkar
Vice President
Sanjeev Chhajer
Secretary
Dilip M. Padhya
Secretary (R)
Pathik S. Patwari
Treasurer

પ્રતિ,
શ્રી હર્ષદ વોરા
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
અમદાવાદ જિલ્લો
અમદાવાદ

વિષય :- નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ **34** હેઠળનું જાહેરનામું ક્રમાંક ડીસી/એમએજી/કોરોના/જા.નામું/એસ.આર. **50/ 2020** તા.**19/04/2020**

પ્રિય મહોદય,

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી વતી અભિવાદન.

ઉપરોક્ત જાહેરનામામાં દર્શાવેલ તેમજ રાજ્ય સરકાર/ભારત સરકાર શ્રી દ્વારા બહાર પાડવામાં આવનાર તમામ પ્રકારની માર્ગદર્શિકા તથા તમામ શરતોનું પાલન કરવાની જવાબદારી જે તે એકમ/ સંસ્થાના માલિકની રહેશે.

1. આમાંની ઘણી શરતોનું પાલન સંસ્થાના માલિકના કાર્યક્ષેત્રની બહારનું છે જેમ કે શરત નં 4 - હોટસ્પોટ/ કન્ટેનમેન્ટ જાહેર થયેલા કોઈપણ વિસ્તારનો કર્મચારી-શ્રમિક-અધિકારી કામ પર ના આવે તેની જવાબદારી જેતે એકમ/સંસ્થાની રહેશે.

2. કામની જગ્યા પર તાપમાનના સ્ક્રીનિંગ માટે પૂરતી વ્યવસ્થા થર્મલ ગનના અભાવે મુશ્કેલ છે.

3. સ્થળને જંતુ રહિત કરવાના માધ્યમોની સ્પષ્ટતાના અભાવે તેનું વિપરીત અર્થઘટન થઈ શકે છે માટે આ માધ્યમોની સ્પષ્ટતા કરવી જરૂરી છે.

4. નાનાં એકમો માટે પરિવહનની વ્યવસ્થા કરવી મુશ્કેલ છે, તો આ માટે વહીવટી તંત્રએ બંધ પડેલી બસોનો ઉપયોગ કરીને વિવિધ ઔદ્યોગિક એકમે લઇ જવાની વ્યવસ્થા ઉભી કરવી જોઈએ.

Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad- 380009. INDIA. | +91 - 79 - 2658 2301-2-3-4 | gcci@gujaratchamber.org | www.gujaratchamber.org

Durgesh V. Buch
President
Natubhai Patel
Sr. Vice President
Bhargav Thakkar
Vice President
Sanjeev Chhajer
Secretary
Dilip M. Padhya
Secretary (R)
Pathik S. Patwari
Treasurer

5. પ્રવેશ કરતા વાહનો અને સાધાન સામગ્રીને ફરજીયાત પણે સ્પ્રેનો છંટકાવ કરીને જંતુ રહીત કરવી જોઈએ, પરંતુ સ્પ્રેના પ્રકારની માહિતીના અભાવે અર્થઘટનના પ્રશ્નો ઉદ્ભવી શકે છે માટે તેની સ્પષ્ટતા કરવી જરૂરી છે.

6. આવી જ રીતે સેનિટાઈઝરની સ્પષ્ટતા પણ થવી જોઈએ અને ઉપરોક્ત તમામ ચીજ વસ્તુઓ મળી રહે તેની વ્યવસ્થા કરવી જોઈએ.

7. ટુ વ્હીલર પરનો પ્રતિબંધ તથા જાહેર પરિવહનના અભાવે કામદારો, કર્મચારીઓ અને અધિકારીઓ કામના સ્થળે પહોંચે તે મુશ્કેલ લાગે છે, આ અંગે અગાઉ જણાવ્યા પ્રમાણે બસોની વ્યવસ્થા ગોઠવવી જોઈએ અન્યથા માત્ર મોટા ઉદ્યોગો જ કાર્ય શરુ કરી શકશે.

8. જો આના ઉપર તાત્કાલિક કાર્યવાહી કરવામાં નહિ આવે તો સંભવિત છે કે ઉદ્યોગોનો પુન:જીવનનો દર ખુબ નજીવો રહેશે અને આર્થિક વ્યવસ્થાને મળવા પાત્ર લાભો નહિ મળે.

ઉપરોક્ત મુદ્દાઓ પર તથા આપના વિવેક પ્રમાણે બાકી રહી ગયેલા મુદ્દાઓ પર પણ આપ તાત્કાલિક નિર્ણયો લઇ સૂચના જારી કરશો તેવી આશા છે.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

દુર્ગેશ બુચ
પ્રમુખ

નકલ રવાના :

1. શ્રી કે. કે. નિરાલાજી, જિલ્લા કલેકટર, અમદાવાદ